# પ્રસાર ભારતી

## સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date: 05-04-2025** **MORNING: 7.45 TO 7.55**
**Day: SATURDAY** **National News**

આકાશવાણી સમાચાર **રૂપલ જાની** વાંચે છે.

****************************************************

1) પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આજે કોલંબોમાં શ્રીલંકાના રાષ્ટ્રપ્રમુખ અનુરા કુમારા દિસાનાયકે સાથે મંત્રણા કરશે.

2) ઉપરાષ્ટ્રપતિ જગદીપ ધનખડે કહ્યું સામાન્ય નાગરિકો પર કૃત્રિમ-બુધ્ધિમત્તાનો પ્રભાવ તેની નિયમનકારી વ્યવસ્થાના કેન્દ્રમાં હોવો જોઈએ.

3) લોકસભા અધ્યક્ષ ઓમ બિરલા આજથી તાશ્કંદમાં 150મી આંતર-સંસદીય સંઘની બેઠકમાં ભારતનું નેતૃત્વ કરશે.

4) આજે રાષ્ટ્રીય દરિયાઈ દિવસ. ગુજરાતના લોથલ ખાતે પ્રથમ રાષ્ટ્રીય દરિયાઈ વારસા સંકુલ બનશે.

5) IPL ક્રિકેટમાં, લખનૌ સુપર જાયન્ટ્સે મુંબઈ ઈન્ડિયન્સને 12 રનથી પરાજય આપ્યો.

.......................................................................

(ન્યૂઝ બ્રેક – આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો)

(સમાચારને અંતે – આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા)

# PM-SRI-LANKA-VISIT

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આજે કોલંબોમાં શ્રીલંકાના રાષ્ટ્રપ્રમુખ અનુરા કુમારા દિસાનાયકે સાથે મંત્રણા કરશે. આજની વાતચીત બંને દેશો વચ્ચેના ઊર્જા, વેપાર, સંપર્ક, ડિજિટલાઇઝેશન અને સંરક્ષણ ક્ષેત્રોના સંબંધોને મજબૂત બનાવશે.

શ્રી મોદી ગઈકાલે સાંજે શ્રીલંકાના ત્રણ દિવસના પ્રવાસે કોલંબો પહોંચ્યા. શ્રી મોદીનું કોલંબોમાં આગમન થતાં ઉષ્માભર્યું સ્વાગત કરવામાં આવ્યું. રાષ્ટ્રપ્રમુખ દિસાનાયકેના મંત્રીમંડળના ટોચના મંત્રીઓ હવાઈ મથક પર હાજર હતા.

ગયા વર્ષે સપ્ટેમ્બરમાં રાષ્ટ્રપ્રમુખ દિસાનાયકે પદ સંભાળ્યા પછી શ્રી મોદી શ્રીલંકાની મુલાકાત લેનારા પ્રથમ વિદેશી સરકારના વડા છે. શ્રી મોદીનું ઔપચારિક સ્વાગત કરવામાં આવશે.

એક અહેવાલ......

(BYTE: AALOK RANJAN RAI)

# VP-ARTIFICIAL-INTELLIGENCE.

ઉપરાષ્ટ્રપતિ જગદીપ ધનખડે કહ્યું કે, સામાન્ય નાગરિકો પર આર્ટિફિશિયલ ઇન્ટેલિજન્સનો પ્રભાવ તેની નિયમનકારી વ્યવસ્થાના કેન્દ્રમાં હોવો જોઈએ. ગઈકાલે નવી દિલ્હીમાં પુસ્તક વિમોચન કાર્યક્રમમાં બોલતા, શ્રી ધનખડે નાગરિકોને કૃત્રિમ બુદ્ધિમત્તાના દુરુપયોગથી બચાવવા માટે સમજૂતીના અધિકાર

અને સ્વાયત્ત નિર્ણયોને પડકારવાના અધિકારના અમલીકરણની જરૂરિયાત પર ભાર મૂક્યો.

ઉપરાષ્ટ્રપતિએ કહ્યું, યાંત્રિક બુદ્ધિમત્તા આપણને હાલની ન્યાય વ્યવસ્થાની ફરીથી તપાસ કરવા દબાણ કરે છે. શ્રી ધનખડે કહ્યું કે, આપણે વૈશ્વિક ધોરણો અનુસાર ભારતની સાયબર સાર્વભૌમત્વ પર ભાર મૂકવો જોઈએ. તેમણે કહ્યું કે, આર્ટિફિશિયલ ઇન્ટેલિજન્સમાં વૈશ્વિક નિયમો-આધારિત સિસ્ટમ માટે તમામ ભાગીદારોએ એક પ્લેટફોર્મ પર આવવું પડશે. તેમણે કહ્યું કે, ભારતનો ડિજિટલ પર્સનલ ડેટા પ્રોટેક્શન એક્ટ એક ઐતિહાસિક પગલું છે અને તેને આર્ટિફિશિયલ ઇન્ટેલિજન્સ નિયમન સાથે જોડીને વિકસાવવાની જરૂર છે.

# OM-BIRLA---IPU-TASHKENT

લોકસભા અધ્યક્ષ ઓમ બિરલા આજથી ઉઝબેકિસ્તાનના તાશ્કંદમાં શરૂ થઈ રહેલી 150મી આંતર-સંસદીય સંઘની બેઠકમાં ભારતીય સંસદીય પ્રતિનિધિમંડળનું નેતૃત્વ કરશે. શ્રી બિરલા સામાજિક વિકાસ અને ન્યાય માટે સંસદીય કાર્યવાહી પર ઉચ્ચ સ્તરીય બેઠકને સંબોધિત કરશે. ભારતીય પ્રતિનિધિમંડળમાં રાજ્યસભાના ઉપાધ્યક્ષ હરિવંશ અને સાંસદો ભર્તૃહરિ મહતાબ, અનુરાગ સિંહ ઠાકુર, ડૉ. સસ્મિત પાત્રા, અશોક કુમાર મિત્તલ, કિરણ ચૌધરી અને લતા વાનખેડેનો સમાવેશ થાય છે.

ભારતીય સંસદીય પ્રતિનિધિમંડળના સભ્યો ગવર્નિંગ કાઉન્સિલ, એક્ઝિક્યુટિવ કમિટી, સ્ટેન્ડિંગ કમિટી સહિત આંતર-સંસદીય સંઘની વિવિધ બેઠકોમાં હાજરી આપશે. આ સમયગાળા દરમિયાન, શ્રી બિરલા ઉઝબેકિસ્તાનમાં ભારતીય સમુદાય અને ભારતીય વિદ્યાર્થીઓ સાથે પણ વાતચીત કરશે.

# GUJARAT-NATIONAL-MARITIME-DAY

આજે રાષ્ટ્રીય દરિયાઈ દિવસ છે. ભારતીય અર્થતંત્ર, સંરક્ષણ અને વેપારમાં દરિયાઈ ઉદ્યોગની મહત્વપૂર્ણ ભૂમિકાને ઉજાગર કરવા માટે રાષ્ટ્રીય દરિયાઈ દિવસની ઉજવણી કરવામાં આવી રહી છે.દેશમાં સૌથી વધુ 1600 કી. મી. થી લાંબો દરિયા કિનારો ગુજરાતમાં છે.

દરિયાઈ ઉદ્યોગના મહત્વને દર્શાવવા માટે ગુજરાતના અમદાવાદ નજીક લોથલ ખાતે પ્રથમ રાષ્ટ્રીય દરિયાઈ વારસો સંકુલ વિકસાવવામાં આવી રહ્યું છે. આ સંકુલ પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીના વારસા અને વિકાસના વિઝન અનુસાર વિકસાવવામાં આવી રહ્યું છે. અમારા સંવાદદાતાના અહેવાલ મુજબ, પ્રોજેક્ટનો પ્રથમ તબક્કો આ વર્ષના અંત સુધીમાં પૂર્ણ થવાની અપેક્ષા છે. આ તબક્કામાં છ આયોજિત સંગ્રહાલય ગેલેરીઓનો સમાવેશ થાય છે.

# NATIONAL-MARITIME-DAY-BHUJ

ગુજરાતમાં કચ્છના અખાત પર સ્થિત દીન દયાળ બંદર કંડલાએ નાણાકીય વર્ષ 2024-25માં 150 મિલિયન મેટ્રિક ટનથી વધુ કાર્ગોનું સંચાલન કરીને એક નવો રેકોર્ડ બનાવ્યો છે. રાષ્ટ્રીય દરિયાઈ દિવસ અને નૌકાદળ સપ્તાહ નિમિત્તે, કંડલા બંદર પર વિવિધ કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું છે.

આકાશવાણી સાથેની ખાસ વાતચીતમાં, શિપિંગના સંયુક્ત મહાનિર્દેશક અને મર્કેન્ટાઇલ મરીન વિભાગ, કંડલાના મુખ્ય અધિકારી કેપ્ટન સંતોષ કુમાર દારોકરે જણાવ્યું કે, શિપિંગ અને જળમાર્ગ મંત્રાલય હેઠળનો મર્કેન્ટાઇલ મરીન વિભાગ દીન દયાળ પોર્ટ ઓથોરિટી કંડલા સાથે મળીને વિવિધ પ્રવૃત્તિઓનું

**આયોજન કરી રહ્યો છે, જેમાં મરીન ફ્લેગ હોસ્ટિંગ, માસ રન-મેરિનો-વોક અને યોગ સત્રોનો સમાવેશ થાય છે. અગાઉ, ગુજરાતના રાજ્યપાલ આચાર્ય દેવવ્રતને લઘુચિત્ર રાષ્ટ્રીય દરિયાઈ દિવસ ધ્વજ અર્પણ કરવામાં આવ્યો હતો, જે રાષ્ટ્રમાં દરિયાઈ ઉદ્યોગના યોગદાનનું પ્રતીક છે.**

**ભારતનું દરિયાઈ ક્ષેત્ર તેના વેપાર અને વાણિજ્યની કરોડરજ્જુ તરીકે સેવા આપે છે. 1919માં એસએસ લોયલ્ટીની અગ્રણી સફરથી લઈને વૈશ્વિક શિપિંગ પાવરહાઉસ બનવા સુધી, ભારતે સાત હજાર 500 કિલોમીટરથી વધુના દરિયાકિનારા અને 12 મુખ્ય બંદરો સાથે વિશ્વના સોળમા સૌથી મોટા દરિયાઈ રાષ્ટ્ર તરીકે વૈશ્વિક શિપિંગ માર્ગ પર મુખ્ય સ્થાન પ્રાપ્ત કર્યું છે.**

# MID BREAK- NEWS- NATIONAL

આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો. આ સમાચાર આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/ગુજરાતી અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલોૅ કરશો.

**ગોન્ગ મ્યુઝીક**

. . . . . . . . . . . . . . .

# SHAH-CHHATTISGARH

**કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહ આજે છત્તીસગઢના બસ્તર વિભાગના દાંતેવાડા જિલ્લામાં બસ્તર પાંડુમ ઉત્સવના સમાપન સમારોહમાં હાજરી આપશે.**

શ્રી શાહ છત્તીસગઢની બે દિવસીય મુલાકાતે ગઈકાલે સાંજે રાયપુર પહોંચ્યા હતા. શ્રી શાહ આજે રાયપુરમાં નક્સલ વિરોધી કામગીરી અંગે સમીક્ષા બેઠકની અધ્યક્ષતા પણ કરશે.

એક અહેવાલ....

## (V/C - વિકલ્પ શુક્લા)

# MORN-IPL-CRICKET

IPL ક્રિકેટમાં, લખનૌ સુપર જાયન્ટ્સે ગઈકાલે લખનૌમાં મુંબઈ ઈન્ડિયન્સને 12 રનથી હરાવ્યું. લખનૌના એકાના સ્ટેડિયમમાં પ્રથમ બેટિંગ કરતા લખનૌ સુપર જાયન્ટ્સે નિર્ધારિત 20 ઓવરમાં આઠ વિકેટે 203 રન બનાવ્યા. મિશેલ માર્શ અને એડન માર્કરામે અડધી સદી ફટકારી હતી. મુંબઈ ઈન્ડિયન્સ તરફથી કેપ્ટન હાર્દિક પંડ્યાએ પાંચ ખેલાડીઓને આઉટ કર્યા. જવાબમાં, સૂર્યકુમાર યાદવના 67 રન છતાં, મુંબઈ ઈન્ડિયન્સ પાંચ વિકેટે માત્ર 191 રન જ બનાવી શક્યું. આજે ચેન્નાઈ સુપર કિંગ્સનો મુકાબલો દિલ્હી કેપિટલ્સ સાથે બપોરે 3:30 વાગ્યે ચેન્નાઈમાં થશે. અન્ય એક મેચમાં, રાજસ્થાન રોયલ્સ અને પંજાબ કિંગ્સ ચંદીગઢમાં એકબીજા સામે ટકરાશે. આ મેચ સાંજે 7.30 વાગ્યાથી રમાશે.

# PAPUA-NEW-GUINEA-QUAKE

આજે સવારે પાપુઆ ન્યુ ગિનીમાં ભૂકંપના આંચકા અનુભવાયા હતા. ભૂકંપની તીવ્રતા રિક્ટર સ્કેલ પર સાત પોઇન્ટ એક માપવામાં આવી હતી. ભૂકંપનું કેન્દ્રબિંદુ પશ્ચિમ ન્યુ બ્રિટન પ્રાંતની રાજધાની કિમ્બેથી 194 કિલોમીટર પૂર્વમાં હતું.અમેરિકન સુનામી માહિતી કેન્દ્રએ આ પ્રદેશમાં સુનામીની ચેતવણી જારી કરી છે. પાપુઆ ન્યુ ગિનીના દરિયાકાંઠે એક થી ત્રણ મીટર ઊંચા સુનામી મોજા ઉછળવાની શક્યતા છે.

## અને હવે આજના અખબારોનાં મુખ્ય સમાચાર રજૂ કરે છે હર્ષ લેઉઆ

- આજના તમામ અખબારોએ અમેરિકા-ચીન વચ્ચેના ટેરિફ વોર, પીઢ અભિનેતા મનોજ કુમારનું 87 વર્ષની વયે નિધન, નેપાળમાં 5.0ની તીવ્રતાનો ધરતીકંપ અને પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીની થાઈલેન્ડ યાત્રા જેવા સમચારોને મુખ્ય પાને પ્રકાશિત કર્યા છે.

- નવગુજરાત સમયનું મુખ્યશીર્ષક છે, વિશ્વમાં ટ્રેડવોરનો પ્રારંભ, ચીને અમેરિકા પર 34 ટકા ટેરિફ ઝીંકી.

- સંદેશ લખે છે , મોદીએ બાંગ્લાદેશના ચીફ એડવાઇઝર યુનુસને બંને દેશો વચ્ચે સંબંધો બગાડે તેવા નિવેદનો નહીં કરવા તાકીદ કરી

- અમેરિકા-ચીન વચ્ચે ટેરિફ યુધ્ધ ફાટ્યું, દુનિયાભરના શેરબજાર ધરાશાયી – આ સમાચાર ફૂલછાબે મુખ્ય શીર્ષક તરીકે પ્રકાશિત કર્યા છે.

- ભારતના સર્વાધિક લોકપ્રિય 'ભારત' મનોજ કુમારનું નિધન, કેનેડા પછી ડ્રેગનની પણ ટ્રમ્પ સામે જેવા સાથે તેવાની નીતિ, નવી ટ્રેડ વોરના મંડાણ – આ સમચારોને ગુજરાત સમચારે પ્રથમ પાને સ્થાન આપ્યું છે

- વકફ બિલ: કોંગ્રેસ – ઓવૈસીએ સુપ્રીમ કોર્ટમાં પડકાર્યું, સોનિયા ગાંધીની ટિપ્પણી પર હંગામો, આ સમાચાર દિવ્ય ભાસ્કરે પ્રથમ પાને પ્રકાશિત કર્યા છે.

- થાઈલેન્ડ મેં મોદી: વાટ ફો મંદિર મેં ભગવાન ગૌતમ બુદ્ધ કો કિયા નમન, ટ્રમ્પ ટેરિફ સે ખલબલી,

- આ સિવાય બોક્સિંગ વર્લ્ડ કપમાં ભારતીય બોક્સર હિતેશ ફાઇનલમાં પહોંચવાવાળા પ્રથમ ભારતીય, ગુજરાતમાંથી અમેરિકામાં થતી 80 હજાર કરોડ ઉપરાંતની એક્સપોર્ટને અસર થશે જેવા સમચારો મુખ્ય પાનાં પર પ્રકાશિત થયેલા છે.